મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૧૬ ટકા

ગાંધીનગર તાપમાન

ઉનાળાની ધમાકેદાર ઓપનીંગ બેટીંગ : પારો ૪૧ ડિગ્રી પાર

બપોરના સમયે પાટનગરના રાજમાર્ગો સુમસામ બન્યા : વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટયું : પરીક્ષાની મૌસમમાં વિદ્યાર્થીઓને ગરમી વધતા અકળામણ

ગાંધીનગર, તા.૨૯

હજુ તો માર્ચ મહિનો માંડ અંત સુધી પહોંચ્યો છે ત્યાં આકાશમાંથી અગનગોળા વરસવા લાગ્યા છે. આ વખતે ઉનાળાનો પ્રારંભ જ એવો ઉષ્ણ થયો છે કે આવનારા દિવસોમાં ગરમીનો પારો નવા વિક્રમો સર્જશે તેવો સ્પષ્ટ વર્તારો જણાઈ રહ્યો છે. આજે ગાંધીનગરમાં મહત્તમ ગરમીનો પારો ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ પહોંચ્યો હતો જયારે લઘુત્તમ પારો ૨૩ ડિ.સે. રહેવા પામ્યો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને સવારે ૫૬ ટકા જેટલું જ હતું જે પણ સાંજ સુધીમાં માત્ર ૧૬ ટકાએ પહોંચી ગયું હતું.

ઉનાળાના આકરા તાપે નગરજનોને દઝાડવાનું ચાલુ કરી દીધું છે અને કાળઝાળ ગરમીથી જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. સામાન્ય રીતે એપ્રિલ માસથી નોંધપાત્ર ગરમીની શરૂઆત થતી હોય છે પરંતુ આ વખતે માર્ચ માસથી જ ગરમીનો પારો ઉપર ચઢવા લાગ્યો છે જેના કારણે આરોગ્ય વિભાગ દ્વારા પણ નાગરિકો માટે સાવચેતી રાખવાની સૂચના જાહેર કરવાની ફરજ પડી છે. દિવસ દરમિયાન ગરમી ૪૧

ડિગ્રીને વટાવી જતા નાગરિકો ત્રાહિમામ પોકારવા લાગ્યા હતા અને બપોરના સમયે શહરના માર્ગો સુમસામ થઈ જવા પામ્યા હતા નાગરિકોના ઘરોમાં, ઓફિસોમાં એસી-પંખા ધમધમવા લાગ્યા છે અને બપોરે ૧૨ વાગ્યા પછી બહાર નીકળવાનું નાગરિકો ટાળી રહ્યા છે. હાલ શહેરની શાળા-કોલેજોમાં પરીક્ષાનો માહોલ ચાલી રહ્યો છે જેના કારણે વિદ્યાર્થીઓ-યુવાનોને આકરી ગરમી વેઠવી પડી રહી છે. મોટા ભાગના વાહનચાલકો ચહેરાને રૂમાલ કે દુપટ્ટાથી ઢાંકીને તેમજ ગોગલ્સ પહેરીને વાહન હંકારતા જોવા મળી રહ્યા છે. ગરમીના કારણે બજારોમાં ઘરાકી પર પણ અસર પડવા પામી છે. અત્યારથી વધી જવા પામેલી ગરમી આગામી દિવસોમાં કેવા સ્વરૂપ બતાડશે તે અંગે નગરજનોમાં ચર્ચાઓ ચાલી રહી છે.

રાત્રે બરફના ગોળા, શેરડીના રસ અને કોલ્ડ ડ્રિન્કસના પાર્લરો પર ભીડ

ઉનાળાનો પ્રારંભ થવા સાથે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે જેના કારણે સાંજના સમયે શહેરના બાગ બગીચા તથા ઠંડા પીણા, આઈસ્ક્રીમ પાર્લરો વગેરે પર ભીડ જોવા મળી રહી છે. શહેરમાં રાત્રિના સમયે બરફના ગોળા, શેરડીના રસ અને ઠંડા પીણાં-આઈસ્ક્રિમના વેચાણમાં ઉછાળો આવ્યો છે. રાત્રે ૯-૪ સ્વર્ણિમ પાર્ક સહિત શહેરના અનેક જાહેર સ્થળોએ દિવસ દરમિયાન આકરી ગરમીથી કંટાળેલા નાગરિકો 'ઠંડા' થવા મોટી સંખ્યામાં જોવા મળે છે.

@ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો પ્લોટ નં. ૯૬૧/૧, સે-૩-ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

વાતવાતમાં

● શહેરમાં ગરમી વધવાની સાથે જ પક્ષીઓ અને પશુઓ માટે પાણીની વ્યવસ્થા કરવા વિનંતી કરતા મેસેજીસ સોશ્યલ મિડિયામાં ખૂબ વાઈરલ થઈ રહ્યા છે. આ સાથે શહેરમાં પશુ પંખીઓ માટે પાણીની વ્યવસ્થા કરનારા સેવાભાવીઓ વધવા સાથે બીજી તરફ માનવીઓ માટે પણ પરબો ચાલુ થયેલી ઠેર ઠેર જોવા મળી રહી છે.

● આવકવેરા વિભાગ દ્વારા પાનકાર્ડ ધારકોને સતત એસએમએસ મોકલી તા. ૩૧મી માર્ચ પહેલા ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરી દેવા સૂચના અપાઈ રહી છે. આ સૂચનામાં તા.૩૧મી માર્ચ પછી રીટર્ન ફાઈલ નહી થઈ શકે તેવી સ્પષ્ટતા હોવાથી નાના-મોટા તમામ કરદાતાઓ રીટ્રન ફાઈલ કરવા ચાર્ટડ એકાઉન્ટન્ટસને ત્યાં દોડતા થઈ ગયા છે.

પેથાપુરના બુટલેગર સ્ટેલીની ધરપકડ

ગાંધીનગર, તા.૨૯

પેથાપુરના બુટલેગર સ્ટેલીએ પોલિસ ઉપર હુમલો કર્યો હતો તે દિવસથી નાસતો ફરતો હતો. હુમલો કર્યો તેના બીજા જ દિવસે પોલિસે પેથાપુરમાં એક બોરકુવા પાસેથી વિદેશી દારૂ ભરેલું મીની બંકર પકડાયું હતું. આ દારૂનો જથ્થો સ્ટેલીનો હોવાનું ખુલતા આ ગુનામાં પણ તે વોન્ટેડ હતો. કોર્ટમાંથી સ્ટેલીએ પોલિસ પર હુમલાના કેસમાં ધરપકડ પર સ્ટે મેળવ્યો હોવાથી પેથાપુર પોલિસે સ્ટેલીની દારૂના મીની બંકરના કેસમાં ધરપકડ કરી ઊંડી પુછપરછ માટે એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

પેથાપુર પોલિસ સ્ટેશનના કોન્સ્ટેબલ ઉપર કાર ચઢાવી દેનાર કુખ્યાત બુટલેગર સ્ટેલીએ ખેતરમાં સંતાડી રાખેલા દારૂના ગોડાઉન ઉપર પોલિસે દરોડો પાડી રૂ. ૬૬,૮૦૦ની કિંમતનો દારૂ પકડી પાડયો હતો. બળિયાદેવ નાળિયા પાસે ચેબલીવાળા ખેતરમાં તબેલાની પાસે ભોંયરૂ બનાવી મીની બંકરમાં દારૂ સંતાડયો હતો. આ કેસમાં બુટલેગર શૈલેન્દ્રસિંહ ઉર્ફે સ્ટેલી શંકરસિંહ વાઘેલા નાસતો ફરતો હતો. કોન્સ્ટેબલ ઉપર સ્કોર્પીઓ કાર ચઢાવી દેવાના કેસમાં કોર્ટનો સ્ટે હોવાથી પોલિસે તેની ધરપકડ કરી નથી પરંતુ આ દારુના કેસમાં વોન્ટેડ સ્ટેલી અને પેથાપુરના હેમંત હજારીલાલ ખત્રી બંને શખ્સોની ધરપકડ કરી પેથાપુર પોલિસે વધુ પુછપરછ શરુ કરી છે. દારૂ કયાંથી લાવ્યો હતો અને કયાં કયાં સપ્લાય કરતો હતો તે સહિતની પુછપરછ માટે કોર્ટે સ્ટેલીના એક દિવસના રિમાન્ડ મંજુર કરતા પીએસઆઈ વી.બી. દેસાઈએ ઉંડી પુછતાછ શરુ કરી છે.

ભગવાન મહાવીર જન્મજયંતિના પર્વે શહેરના બોરિજ ખાતેના સુપ્રસિધ્ધ જૈન દેરાસરમાં ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ભગવાન મહાવીરની પ્રતિમાને નયનરમ્ય આંગીથી સજાવવામાં આવી હતી. ભગવાનના આ દૈદિપ્યમાન સ્વરૂપના દર્શનાર્થે મોટી સંખ્યામાં જૈન ભાવિકો ઉમટી પડયા હતા.

ગુડ ફ્રાઈડે નિમિત્તે આજે ડીડી ગિરનાર પર ખાસ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૯

ગુડ ફ્રાઈડેના પાવન પર્વે શુક્રવારે વિશેષ કાર્યક્રમ રાત્રે ૯ કલાકે ડીડી ગિરનાર ચેનલ પરથી પ્રસારિત થશે.

કાર્યક્રમનું લેખન ગાંધીનગરના હસમુખ મેકવાને કર્યું છે. શ્વેતા મિશ્રારાજ પ્રવકતા છે. ફાધર, અશોક વાઘેલા, ડાયરેકટર ગુર્જરવાણી દ્વારા ગીત-સંગીત-દૃશ્યો રજુ કરાયા છે.

ગુડ ફ્રાઈડે અંગેના સંદેશાઓ આર્ચ બિશપ થોમસ મેકવાન, ફાધર ટાઈટસ, ફાધર અશોક વાઘેલા તેમજ રતિલાલ જાદવે પ્રસ્તુત કર્યા છે.

કાર્યક્રમમાં કેથલિક સંપ્રદાયમાં આવતી ધાર્મિક વિધિઓ જેમક તાડપત્રનો સ્વિકાર, પવિત્ર શુક્રવાર, ઈસુનુ ક્રૂસારોહણ તેમજ પુનરૂત્થાન વગેરે જેવી રસપ્રદ વાતો અને માહિતી સભર કાર્યક્રમ રજુ થનાર છે.

ગાંધીનગર-અમદાવાદમાં તરખાટ મચાવનાર બે રીઢા ચોર ઝડપાયા

પાર્કીંગમાં મુકેલી ગાડીઓના કાચ તોડી દાગીના અને મોબાઈલો ચોરતા આ શખ્સોને મોંઘી સ્પોર્ટસ સાયકલો ચોરવામાં પણ ફાવટ આવી ગઈ હતી



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર-અમદાવાદ વિસ્તારમાં પાર્કીંગમાં પડેલી ગાડીઓને ટાર્ગેટ કરીને તેના કાચ તોડી કિંમતી દાગીના તથા મોબાઈલોની ઉઠાંતરી કરી તરખાટ મચાવી દેનાર ગેંગના બે રીઢા ચોરોને ગાંધીનગર એસઓજીની ટીમે દબોચી લીધા છે. આ રીઢા ચોરોને મોંઘીદાટ સ્પોર્ટસ સાયકલોની ચોરી કરવામાં પણ ફાવટ આવી ગઈ હતી. એસઓજીની ટીમે ચોરીનો રૂ. ૧.૩૦ લાખની કિંમતનો મુદ્દામાલ આ બંને પાસેથી રીકવર કરીને ઉંડાણપૂર્વક પુછપરછ શરુ કરી છે. પકડાયેલા બે પૈકી એક શખ્સ તો અગાઉ ૧૪ ગુનાઓમાં પકડાયેલો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસ.ઓ.જી. પી.આઈ. પરેશ સોલંકીની ટીમ મિલ્કત સંબંધી ચોરીઓ ડીટેકટ કરવા સક્રિય થઈ છે ત્યારે પીએસઆઈ જે.આર. કરોતરા અને વી.કે. રાઠોડની ટીમે મિલ્કત વિરૂધ્ધના ગુનાઓનો અભ્યાસ કરીને અક્ષરધામ, સે-૨૮ બગીચા, સચિવાલય જેવા સ્થળોએ પાર્કીંગને ચોરો વધુ ટાર્ગેટ કરતા હોવાનું તારણ કાઢયું હતું. જે આધારે આ સ્થળોએ ખાનગી પેટ્રોલીંગ અને વોચ ગોઠવી ટેકનીકલ સર્વેલન્સ રાખ્યું હતું. દરમિયાન પીએસઆઈ વી.કે. રાઠોડે બાતમી મેળવીને અક્ષરધામ વિસ્તારમાંથી બે શકમંદોને પકડયા હતા. અમદાવાદ શાહીબાગની ગજાનન સોસાયટીમાં રહેતા કીરણ ઉર્ફે હનુમાન કનુ પરમાર અને કુબેરનગર ખાતે છારાનગર રોડ પાસે રહેતા બાબુ ઉર્ફે કાલુ કેશન ચારણને પકડી તેમની જડતી લેતા તે બંને પાસેથી ચાર મોબાઈલ, એક ટેબલેટ, એક સોનાનું મંગળસુત્ર, એક સોનની ચેઈન સાથેનું પેન્ડલ, એક નકલી મંગળસુત્ર અને બીજી વ્યકિતના આધારકાર્ડ મળી આવ્યા હતા. અમદાવાદ ખાતેથી ચોરી કરેલો આ સામાન ઉપરાંત અલગ અલગ કંપનીની નવા જેવી ૬ નંગ સ્પોર્ટસ સાયકલોની ચોરીની પણ પુછપરછમાં કબુલાત કરી હત. ઉપરોકત તમામ રૂ. ૧,૨૯,૬૦૦ની કિંમતનો ચોરી કરેલો મુદ્દામાલ એસઓજીની ટીમે રીકવર કરી વધુ પુછપરછ શરુ કરી છે.

પકડાયેલો કીરણ ઉર્ફે હનુમાન પરમાર અગાઉ અમદાવાદ શહેરના મિલ્કત વિરૂધ્ધના ૧૪ જેટલા ગુનાઓમાં પકડાયેલો હતો. આ શખ્સની પુછપરછમાં બહાર આવ્યું કે તેણે ૧૮ માર્ચે અક્ષરધામ પાસે પાર્ક કરેલી સ્વીફટ ડીઝાયરનો કાચ તોડી સોનાનું મંગળસુત્ર,મોબાઈલ તથા દસ્તાવેજોની ચોરી કરી હતી. તે ઉપરાંત દોઢેક માસ પહેલા આ જ સ્થેથી અલ્ટો ગાડીના કાચ તોડી ટેબલેટ, સોનાનું મંગળસુત્ર તથા મોબાઈલ ચોરી કર્યા હતા. તે ઉપરાંત અમદાવાદના નરોડા પાટીયા, સોનીની ચાલી તથા ઠકકરનગર વિસ્તારમાંથી પાર્ક કરેલી મોંઘી સાયકલો ચોરી કરી હતી. આ મુદ્દામાલ બાબુ ઉર્ફે કાલુને વેચવા આપ્યો હતો તે મુદ્દામાલ કબ્જે લઈ બંનેની ધરપકડ કરી ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

સે-૨ બાલા હનુમાનજી ખાતે હનુમાન જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૯

બાલા હનુમાનજી મંદિર, સેકટર-૨ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બાલા હનુમાનજીનો જન્મ દિવસ ધામધુમથી ઉજવવામાં આવશે. મહામારુતિ યજ્ઞ સવારે ૯ કલાકથી શરુ થશે બપોરે ૪.૦૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે તથા સાંજે ૬ કલાકે સુંદરકાંડ પરિવાર દ્વારા સંગીતમય સુંદરકાંડના પાઠ તથા પોલિસ બેન્ડ દ્વારા હનુમાનજીના જન્મદિવસની ઉજવણી કરી આરતી રાત્રે ૯.૩૦ કલાકે કરવામાં આવશે.

જીમખાના સે-૨૧ ખાતે સમર કોચીંગ કેમ્પ

ગાંધીનગર, તા.૨૯

સચિવાલય જીમખાના સેકટર-૨૧ ગાંધીનગર ખાતે સમર કોચીંગ કેમ્પ તા. ૧૭મી એપ્રિલથી તા. ૬ઠ્ઠી મે સુધી યોજવામાં આવેલ છે. જેમાં સ્કેટીંગ, સ્વીમીંગ, ટેકવોન્ડો/કરાટે અને બેડમિન્ટન જેવી રમતના કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સમર કોચીંગ કેમ્પનું ફોર્મ તા. ૧૫મી એપ્રિલ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે ભરીને સચિવાલય જીમખાના સે-૨૧-ગાંધીનગર ખાતે આપવાનું રહેશે.

સે-૭માં સ્કુલની પાછળ જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૭ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ સ્કુલની પાછળ સરકારી મકાન પાસે ખુલ્લેઆમ ત્રણ શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા પોલિસે દરોડો પાડી કાલે બપોરે ત્રણેયને દબોચી લીધા હતા. રૂ. ૧૧,૨૨૦ના રોકડ સહિતના મુદ્દામાલ સાથે ત્રણેય શકુનીની ધરપકડ કરી લઈ સે-૭ પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પોલિસ સ્ટેશનની ડી સ્ટાફની ટીમને ગઈ કાલે બપોરે ચોકકસ બાતમી મળી હતી કે સેકટર-૭ સરદાર વલ્લભભાઈ પટેલ શાળા પાછળ સરકારી મકાન બ્લોક નં. ૪૫/૧ની આગળ ત્રણ શખ્સો ખુલ્લેઆમ બાજી માંડીને બેઠા છે. આ બાતમી આધારે ડીસ્ટાફની ટીમે દરોડો પાડી ત્રણેય શખ્સોને પકડી પાડયા હતા. સે-૭-એ બ્લોક નં. ૪૫/૧, જ ટાઈપ ખાતે રહેતા અજય મનોજ ચૌહાણ, સે-૨૫ જીઆઈડીસી પાસે હાઉસીંગના મકાન નં. ૧૬/૬માં રહેતા બાબુ માણેક તાંબે અને સેકટર-૫-બી પ્લોટ નં. ૯૩૧/૧માં રહેતા શૈલેષ મનજી લીંબાત મળીને ત્રણેય શકુનીઓની ધરપકડ કરી લીધી હતી. તેમની અંગ જડતીમાંથી રૂ. ૫ હજાર, દાવ પરથી રૂ. ૨૨૨૦ અને ૪ હજારની કિંમતના મોબાઈલો મળી કુલ રૂ. ૧૧,૨૨૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈ સે-૭ પોલિસે ત્રણેય સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સિવિલમાં ૧૮ એમ્બ્યુલન્સ હરાજીની રાહ જોઈ રહી છે

એમ્બ્યુલન્સનું ભંગારના ભાવે વેચાણ થાય તો પણ તંત્રને લાખોની આવક

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં રહેણાંક મકાનો પાસે અત્યારે હાલના સમયે ૧૮ એમ્બ્યુલન્સ હરાજીની રાહ જોઈ રહી છે. ખખડધજ એમ્બ્યુલન્સ ભંગારના ભાવે વેચાણ થાય તો પણ સિવિલના તંત્રને લાખો રૂપીયાની આવક થાય તેમ છે. છતા પણ કંડમ વાહનોની હરાજી કરવામાં આવતી નથી. કયાંક હરાજી પ્રક્રિયાને પણ વહીવટી તંત્રની બુરી નજર લાગી હોય તેમ લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેર સિવિલ હોસ્પિટલમાં દર્દથી કણસતા તેમજ ગંભીર ઈજા પામેલા દર્દીઓને અમદાવાદ પહોંચાડવા માટે એમ્બ્યુલન્સ દોડાદોડી કરતી હોય છે. આજના સમયે પણ કેટલાક દર્દીઓને એમ્બ્યુલન્સ ન મળતા દર્દીઓના સગાઓ હોબાળો મચાવે છે. સિવિલમાં ગણતરીની એમ્બ્યુલન્સ ચાલુ હાલતમાં દર્દીઓની સેવા માટે છે બાકી તો

નાની સારી કંડીશનની એમ્બ્યુલન્સ તો અધિકારીઓ સચિવાલય કે અન્ય જગ્યાએ લાવવા-લઈ જવા માટે બુક રાખવામાં આવે છે. ત્યારે રહેણાંક મકાનની બાજુમાં ૧૮ જેટલી એમ્બ્યુલન્સ હરાજીની રાહ જોઈને ઉભી છે. પંરતુ વહીવટી પ્રક્રિયાની આંટીઘુટીમાં કયાંક આ વાહનો હરાજી વિના વેચાણ વગરના પડ્યા છે. ત્યારે આ વાહનોમાંથી કેટલાક સ્પેરપાર્ટસ ગાયબ પણ થઈ જાય તો નવાઈ નહી.. ત્યારે કેટલાક વાહનોમાં તો કેટલીક ચીજવસ્તુઓ પણ ગાયબ થઈ ગઈ હશે. હાલના સમયે સિવિલ તંત્ર આ વાહનો વેચાણ કરે તો લાખો રૂપીયાની આવક થાય તેમ છે જેમાંથી નવી બે ત્રણ એમ્બ્યુલન્સની ખરીદી પણ થઈ શકે છે. વાહનોમાં ટાયર, ચેસીસ, બોડી તેમજ અન્ય ચીજવસ્તુઓ સારી હોવાથી ભાવ આવી શકે છે બાકી દિવસે દિવસે વધુ ખરાબ થઈ જતા સિવિલ તંત્રને નુકશાનીનો સામનો કરવો પડશે. ત્યારે એક સાથે આટલા બધા વાહનો હરાજીની રાહ જોઈ રહ્યા છે છતા પણ કયા કારણોસર વાહનોની હરાજીમાં વિલંબ થઈ રહ્યો છે તે કોઈ કહી શકતુ નથી. ત્યારે વહીવટી કટકીની આંટીઘુટીમાં પણ આ વાહનો સપડાયા તો નથી ને... ત્યારે હરાજીની રાહ જોતા વાહનો ખખડધજ બનીને ધુળ ખાઈ રહ્યા છે.

શહેરમાં રોહિત સમાજનો ૧૨મો સમૂહલગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ ગાંધીનગરના ઉપકમે સમગ્ર ગુજરાત રોહિત સમાજનો ૧૨મો સમૂહ લગ્નોત્સવનું આયોજન આગામી તા.૮ મે ૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. લગ્ન ઈચ્છુક ઉમેદવારોના માતા-પિતાએ લગ્નના ફોર્મ સંસ્થા ખાતેથી તા.૨૯ માર્ચ થી મેળવી જરુરી સંપૂર્ણ વિગતો ભરીને તા.૧૫ એપ્રિલ સુધીમાં કાર્યાલય ખાતે જમા કરાવવાનું રહેશે. આ સમૂહલગ્ન નિમિતે દાતાઓ તરફથી દાન આવકાર્ય છે તેમ સમૂહ લગ્ન સમિતિના અધ્યક્ષ નિર્મલ અડાલજાએ જણાવ્યું છે.

ચક્ષુદાન

દોલારાણા વાસણા ગામે સ્વ. સમુબેન હીરાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૯નું દુઃખદ અવસાન થતા તેમના કુટુંબીજન શ્રી નરોત્તમભાઈની સંમતિથી ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. તબીબી સેવા ડૉ. મુસ્તુફા અને જુસીકાના કાર્યકર ગણપતભાઈ મકવાણાએ પુરી પાડી હતી. પ્રેરણા આપનાર ગાંડાભાઈ ગુર્જર હતા. રાજેન્દ્રભાઈ જાનીએ ચક્ષુઓને સિવિલ હોસ્પિટલ પહોંચાડવાની સેવા પુરી પાડી હતી.

સિવિલ હોસ્પિટલના દર્દીઓની તરસ છીપાવતો સેવાકીય 'સહયોગ'

ગાંધીનગર, તા.૨૯

ઉનાળાના પ્રારંભે જ કાળઝાળ ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત થયું છે. આ સંજોગોમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દુર સુદૂરથી સારવાર લેવા આવતા દર્દીઓ અને તેમના સગાઓની હોસ્પિટલની ઓપીડીમાં લાંબી લચક લાઈનોના કારણે હાલત કફોડી થઈ જાય છે. આકરી ગરમીના આ સમયમાં તેમને મદદરૂપ થવા શહેરના સેવાભાવી સહયોગ મંડળ દ્વારા ઠંડા પાણીની પરબ ચાલુ કરવામાં આવી છે.

સહયોગ મંડળ એ ગાંધીનગરની સેવાભાવી વડીલોની સંસ્થા છે જે સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવતા ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને વિવિધ રીતે મદદરૂપ થાય છે જેમાં દવા ખર્ચમાં કે અન્ય જરૂરી સાધન સામગ્રી કે પગરખાં વિનાના ગરીબોને પગરખાં પુરા પાડવા જેવી અનેક સેવાઓનો સમાવેશ થાય છે. અત્યારે કાળઝાળ ઉનાળાનો પ્રારંભ થઈ ચુકયો છે આ સમયે સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં લાઈનોમાં ટોકન લઈને તેમાં નંબર આવે પછી કેસ કઢાવી ડૉકટરને બતાવી પછી દવા લવા જેવા કામો પતાવતા દર્દીઓ અને તેમના સગા કંટાળી જાય છે. આટલી લાંબી પ્રક્રિયામાં તેમને આ ઋતુમાં સ્વાભાવિક રીતે જ ખૂબ તરસ પણ લાગે છે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સહયોગ મંડળ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ઓપીડીની બરાબર સામે જ ઠંડા પાણીની પરબ શરુ કરવામાં આવી છે. જેનો મોટી સંખ્યામાં દર્દીઓ તથા અન્ય મુલાકાતીઓ લાભ લઈ રહ્યા છે. સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ તથા સભ્યો ડી.એમ. પરમાર, ડી.જી. રાજપૂત, આર.કે. સુથાર, કિરિટસિંહ વાઘેલા, ખરાડીભાઈ, બક્ષીભાઈ વગેરે દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિઓ માટે જહેમત ઉઠાવાઈ રહી છે.

સહયોગ મંડળ પરિવારો આમ્રપાલી વૃધ્ધાશ્રમની મુલાકાતે

ગાંધીનગર જિલ્લાના પિંડારડા ખાતે આમ્રપાલી વૃધ્ધાશ્રમ આવેલો છે. જયાં વૃધ્ધો આશ્રય લઈ રહ્યા છે. આ વૃધ્ધાશ્રમની સહયોગ મંડળના સેવાભાવી સભ્યોએ પરિવાર સહિત મુલાકાત લીધી હતી અને તેમની સાથે સમય વિતાવવા સાથે ભજન કિર્તન કર્યા હતા અને સાથે મળી સાંઈબાબાની આરતી ઉતારી હતી તેમજ વડિલોને પાઉંભાજીનું સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું હતું.

ચિરવિદાય

- સ્વ. મેહુલકુમાર રમણલાલ નાયક, ઉ.વ. ૫૬
- સ્વ. પ્રવિણચંદ્ર પ્રતાપજી બારોટ, ઉ.વ. ૭૩
- સ્વ. શ્વેતા ગીરીશચંદ્ર દવે, ઉ.વ. ૧૬
- સ્વ. વિક્રમસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા, ઉ.વ. ૫૭